## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*હતી ધાકની ચૂપકી, હવે માંડ મોઢું ખૂલ્યું છે,*
*મળી પ્રજાની ચીમકી, સત્તાનું આસન ડૂલ્યું છે*
*ફૂલ્યું પેટ હવે દેડકાંઓનું ભરાઈ છે હવા -*
*હાઈકમાન્ડ હજૂય જૂનાં ઘેટાં પર ભૂલ્યું છે...*
*(ભાજપમાં હવામાન બદલાયું)*

હાઈકુ

*લ્યો ! કરો ખાલી,*
*આ નિષ્ફળ હોદ્દાનું -*
*ભાડાનું ઘર!*
*(કોંગ્રેસ પ્રમુખ-યોગાનુયોગ)*

*બેઠું છે વિશ્વ,*
*યુદ્ધ જ્વાળામુખી એ*
*નૂતન વર્ષે...*
*(નોસ્ટ્રેડેમ આગાહી)*

### ચિંતન

*ગુરુદેવ બ્રાહ્મણેષુ ભક્તિર્ભૂષણમ્ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ગુરુ, દેવ અને બ્રાહ્મની ભક્તિ એ જ મનુષ્યનું સાચું આભૂષણ છે.

માતાપિતા અને શિક્ષક એ મનુષ્યના ગુરુ કહેવાય છે, એટલું જ નહિ, એમને દેવ પણ કહેવામાં આવ્યા છે, ઉપરાંત બ્રહ્મને જાણનારો, બ્રહ્મજ્ઞાની જ બ્રાહ્મણ કહેવાય છે.

આ સૌનો આદર કરવો, એમની આજ્ઞાઓનું પાલન કરવું, એમના પ્રત્યે ભક્તિભાવ કેળવવો એ જ મનુષ્યના ચારિત્ર્યને સુશોભિત કરનારું સાચું આભૂષણ છે.

ગુરુ, દેવ અને બ્રાહ્મણનું આધ્યાત્મ પંથમાં ખૂબ જ મહત્ત્વ છે. તુલસીકૃત રામચરિત માનસમાં તુલસીદાસજી એ ઠેર-ઠેર ચોપાઈમાં રામચંદ્રજીના મુખમાં આ ત્રણેનું મહત્ત્વ દર્શાવતી ચોપાઈઓ મૂકી છે.

### સુવિચાર

- સત્ય એ મારી કથાનો નાયક છે - **લિયો ટોલ્સટોય**
- આરંભ કઠિન હોય તો જ અંત મધુર બને - **પ્લેટો**
- અજ્ઞાન એ જ્ઞાનની રાત છે, પણ એ રાત ચંદ્ર અને નક્ષત્ર વિનાની છે - **કન્ફ્યુશિયસ**
- જયારે તમારા બાળનો અભાવ થઈ જાય,
  અથવા કોઈ કાર્ય ન બને ત્યારે બે હાત જોડીને ઈશ્વરનું શરણ લેવું - **ગુરુ નાનક**
- વાંકાથી બધા જ કરે, વાંકા ચંદ્રને રાહુ પણ ગળી નથી જતો,
  પૂનમ હોય ત્યારે જ ચંદ્રગ્રહણ થાય છે - **તુલસીદાસ**
- મનના હાથીને બુદ્ધિના અંકુશમાં રાખો - **રામકૃષ્ણ પરમહંસ**
- આજનું ઔષધ : વાવડીંગના ચૂર્ણ સાથે એટલો જ જેઠી મધનો પાઉડર ૩૦ દિવસ સવાર-સાંજ સેવન કરવાથી અર્શ નાબૂદ થાય છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

અવિનાશ વ્યાસ તથા બીજા સાત સંગીતકારોને જર્મન સરકાર તરફથી આમંત્રણ મળ્યું. ૪૦ દિવસના પ્રવાસમાં યુરોપ ફેરવવાની પણ જર્મન સરકારે બાંહેધરી આપી હતી.

અવિનાશ વ્યાસે ભારત સરકારને પત્ર લખી હોતે જઈ શકે તેમ નથી એની જાણ કરી. સરકારી ખર્ચે આવા પ્રવાસની ઑફ ન સ્વીકારવા બદલ એમના મિત્રએ એમને કારણ પૂછ્યું. તો અવિનાશ ભાઈ કહે, દિવાળી એકદમ નજીક છે. વર્ષોથી મારો નિયમ છે કે ભાઈભીજને દિવસે અંબાજી માતાના દર્શન કરવા જવું. જો પરદેશ જઈશ તો આ નિયમ પડે. મિત્રએ કહ્યું, 'અંબાજી પંદર દિવસ પછી જાજો, આવી તક થોડી ફરી વાર મળવાની છે ?'

અવિનાશભાઈને એકના બે ન થયા અને ભાઈબીજ ને દિવસે અંબાજી જવાના નિયનને વળગી રહ્યા. માતાજીએ પણ એમની ભક્તિ જોઈ અને બે મહિના પછી ફરી ઈટાલીની સરકાર તરફથી આવું જ આમંત્રણ મળ્યું અને અવિનાશભાઈ યુરોપ ફરી આવ્યા.

# દેશ અરાજકતા તરફ ધકેલાઈ રહ્યો છે

**તંત્રીસ્થાનેથી...**

મહારાષ્ટ્રના ભીમ-કોરેગાંવ ખાતે વિજય સ્મારકની ઉજવણી ટાણે થયેલ અથડામણ જોતજોતામાં આખા રાજયમાં બિહામણી પરિસ્થિતિ પેદા કરી શકતી હોય તો દેશના અને લોકશાહીના ભવિષ્ય માટે તે ખતરાની ઘંટી જ ગણાવી જોઈએ. મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેનાની યુતિ સરકાર છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ બ્રાહ્મણ નેતા છે. ઉજળિયાત નેતાગીરી માટે મહારાષ્ટ્રમાં ચાલતી રહેલી ચળવળ છેક સાહુ મહારાજ અને જયોતિબા ફુલેના સમયથી શરૂ થયેલી છે. બાબા સાહેબ આંબેડકર દ્વારા ચલાવાયેલ ચળવળ એ દલિત મુક્તિનું પરાકાષ્ઠાએ પહોંચેલું આંદોલન હતું. બાબાસાહેબ મહારાષ્ટ્રમાં દલિત અસ્મિતાના વિવિધ આયામો વિકસાવવા અને બહેલાવતાં રહ્યા એમાં પેશળા રાજ દરમિયાન અંગ્રેજોની સેના સામે ભીમ કોરેગાંવના એ યુદ્ધમાં અંગ્રેજ સેનાએ પેશવાની મરાઠા સેનાને પરાજિત કરી તેનો પણ સમાવેશ છે. તે પ્રસંગને દલતિ સમાજ ગૌરવ દિવસ તરીકે ઊજવે છે કારણ કે અંગ્રેજ સેનામાં મોટા ભાગના દલિત સૈનિકો હતા. દલિતોના આ પરાક્રમનું ગૌરવ સ્વતંત્ર ભારતના દલિત નેતાઓ પણ લેતા રહે છે એ કેવો વિચિત્ર વિપર્યાસ છે! બાબાસાહેબે એ ઘટનાને દલિત અસ્મિતાના વિજય પ્રતીક તરીકે સ્વીકારી હતી ત્યારે દેશ આઝાદ નહોતો થયેલો. બલકે દેશ આઝાદ થાય તો પણ દલિતોને સામાજિક આઝાદી સાંપડશે એવી બહુ ઓછી સંભાવના પ્રવર્તતી હતી. એ સમયે બાબાસાહેબની લડાઈ હિંદુ સવર્ણ સમાજ સાથે હતી જે દલિતો સાથે પશુ કરતાં પણ બદતર વ્યવહાર કરતો હતો. આ આંદોલન જરા પોતીકી ઢબે ગાંધીજીએ પણ એમના રચનાત્મક કાર્યક્રમોમાં સામેલ કર્યું હતું. ગાંધીજી માટે અસ્પૃશ્યતા નિવારણ એ આઝાદી કરતાં પણ વધુ મહત્ત્વનો મુદ્દો હતો. તેઓ જીવ્યા ત્યાં સુધી આ જ કારણસર કોઈ હિંદુ મંદિરમાં દર્શન કરવા નહોતા ગયા. જે મંદિરમાં હરિજનોને પ્રવેશ ન હોય એમાં જઈ પોતે પણ સવર્ણ સમાજના પ્રતિનિધિ છે એવી છાપ તેઓ ઊભી કરવા નહોતા માગતા. ગાંધીજી દલિતો હિંદુ સમાજનું જ અવિભાજ્ય અંગ છે એવું માનતા હતા અને એ જ કારણસર એમણે આંબેડકર દ્વારા દલિતો માટે અલગ પ્રતિનિધિત્વના મુદ્દે વિરોધ કર્યે હતો દલિતોના નેતા તરીકે આંબેડક સાથે અંગ્રેજ સરકાર સહમત થઈ જાય એમ હતી. જો એમ થયું હોય તો ભારતમાં પાકિસ્તાનની જેવાં જ ઠેરઠેર દલિતસ્થાનો સરજાયાં હોત. ગાંધીજીની દૂરંદેસી અને સાચી દલિત નિષ્ઠાથી આંબેડકર પણ પીગળ્યા હતા. અંતે 'પૂના કરાર' અસ્તિત્વમાં આવ્યા, જેમાં દલિતોને અનામત સહિત વિશિષ્ટ સુવિધાઓ આપવાનું સ્વીકારાયું હતું. કોરેગાંવ ખાતે થયેલી લડાઈ દેશી પેશવા રાજ અને અંગ્રેજ રાજ વચ્ચેની હતી. એમાં પેશવાની સેનામાં મોટા ભાગના મરાઠા સૈનિકો હતા, જયારે પેશવા સેનામાં દલિતો હતા. મૂળે દેશનાં સવર્ણો અને દલિતો વચ્ચે તથાં હિંદુઓ અને મુસલમાનો વચ્ચે ખાી ઊભી કરવાની અંગ્રેજોની ફૂટનીતિ કામ કરી ગઈ અને પાકિસ્તાન સરજાયું પણ આંબેડકર અને ગાંધીજી વચ્ચેની સમજૂતીને પરિણામે દલિતોનું ધ્રુવીકરણ અટકાવી શકાયું. જો કે આ મુદ્દે સમાધાન કર્યા પછી આંબેડકરને જ દેશના બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન બનાવડાવી ગાંધીજીએ દલિતોને પૂરો ન્યાય અપાવવા પ્રયાસ કર્યો જ હતો. સવર્ણ હિંદુ સમાજમાં હજી સુધી દલિતો સાથે છાશવારે દુર્વ્યવહારની ઘટનાઓ સરજાતી રહે છે. દલિતો પ્રત્યે પેઢીઓથી પાળવામાં આવેલી સૂગ ઘટી હોવા છતાં સંપૂર્ણપણે સમાપ્ત નથી થઈ તેનું આ કમનસીબ ઘટના પ્રમાણ છે. જિજ્ઞેશ મેવાણી જેવા યુવા દલિત નેતાએ વારંવાર દલિતોને હિંદુ ધર્મ છોડી બૌદ્ધ ધર્મ અપનાવવાની હાલક કરી છે ત્યારે સવર્ણ નેતાઓએ પણ સમજવું જ રહ્યું કે દલિતો સાથેના વ્યવહારમાં સુધારો નહીં થાય તો દેશ ફરી એક વાર અરાજકતામાં ધકેલાઈ શકે છે.

# ગાજરના હેલ્થ બેનિફીટ્સ

**પહેલું સુખ તે જાતે નર્યા**
ડૉ. કેદાર ઉપાધ્યાય



શિયાળામાં શાકભાજી પુષ્કળ પ્રમાણમાં અને સસ્તા મળે. સલાડ બનાવી ખાઈ શકાય એવા કોબી,કાકડી,ટામેટા,કેપ્સીકમ, મરચા, લીલું લસણ અને લીલી ડુંગળી તેમજ ગાજર અને બીટ તો જાણે પૂરબહારે ખીલ્યા હોય તેવું લાગે. શિયાળો આમેય હેલ્થને સુધારવાની સીઝન છે. જે લોકો હેલ્થને લઈને ખૂબ ઓછા જાગૃત હોય તેવા લોકો પણ શિયાળામાં વોકિંગ, કસરત, ચ્યવનપ્રાશ, અડદિયા, આમળા, વેજીટેબલ જ્યુસ, સલાડ આદિ ડાએટ અને લાઈફ સ્ટાઈલ અનુસરવા લાગે. આજે શિયાળના ડાએટનું એક અગત્યનું અંગ એટલે કે ગાજરની વાત કરીએ



કંદમૂળ એવું ગાજર ખૂબ રસાળ, અને તેથી જ વેજીટેબલ જ્યુસનું મુખ્ય ઘટક. આપણને બધાને ગાજર વિષે થોડીઘણી અછડતી ખબર હશે પણ આજે તેના ગુણો વિષે થોડું વિગતે જાણીએ.

ગાજર બીટા કેરોટીનનો પ્રચૂર સ્રોત છે. આ બીટા કેરોટીન આપણા લિવર દ્વારા વિટામિન-એ માં ફેરવાય છે. વિટામિન-એ આંખો માટે ખૂબ જરૂરી છે. રાત્રિ દરમિયાનના વિઝન માટે વિટામિન-એ જરૂરી છે. આ ઉપરાંત વિટામિન-એ આંખોને પોષણ આપે છે. મોતિયા કે એ પ્રકારની દ્રષ્ટિને લગતી બીજી તકલીફોને રોકવામાં વિટામિન-એ અગત્યનો ભાગ ભજવે છે. આ ઉપરાંત વિટામિન-એ ચામડી અને વાળ માટે પણ ખૂબ અગત્યનું છે. વિટામિન-એ ચામડી તથા વાળને સૂર્યપ્રકાશ સામે રક્ષણ આપે છે. તે ચામડીની સ્નિગ્ધતાને જાળવી રાખે છે. વિટામિન-એ ચામડી પરની કરચલીઓ, રૂક્ષતા, કાળાપણું, ખીલ, આદિને અટકાવવા અને ચામડીનો રંગ તથા સુંવાળપ જાળવવામાં મદદરૂપ છે. ગાજર એન્ટીઓક્સીડન્ટ પણ છે. ગાજર હદયને પોષણ આપે છે. અને દાંતો અને પેઢા માટે પણ ફાયદાકારક છે.

આ ઉપરાંત ગાજરમાં 'ફાલકેરિનોલ' નામનું એક નેચરલ પેસ્ટીસાઈડ રહેલું છે. આ તત્વ મારફત ગાજરનાં મૂળ ફૂગ અને બીજા જીવાણુંઓ સામે રક્ષણ મેળવે છે. આ જ તત્વ કેન્સર થતું અટકાવવા માટે મદદરૂપ છે. ઉંદરો પર થયેલા એક રિસર્ચમાં એવું જાણવા મળ્યુ છે કે જે ઉંદરો ગાજર ખાતા હોય છે તેને કેન્સર થવાનું જોખમ ૩૩ ટકા ઘટી જાય છે.

ગાજરમાં રહેલ વિટામિન-એ ફેટ સોલ્યુબલ છે. એટલે કે ચરબી દ્રાવ્ય છે. આથી ગાજરને જો ઘી, માખણ કે તેલ સાથે ખાવામાં આવે તો શરીર અને લોહી મારફત ગાજરમાંના વિટામિન-એ નું શોષણ ખૂબ વધારે અને ઝડપી રીતે થાય છે.(હળવો બાફેલો ગાજરનો હલવો ખૂબ અસરકારક નિવડે) શક્ય હોય ત્યાં સુધી ગાજરને તાજા જ ઉપયોગમાં લેવા હિતાવહ છે. ફ્રીઝમાં મુકતા ગાજરમાંના પોષક તત્વોનો નાશ થવાની શક્યતા હોય છે. ગાજરને બહુ ગરમ કરવા પણ હિતાવહ નથી. વધારે પડતા ઉષ્ણતામાનથી પણ ગાજરના પોષક તત્વો નાશ પામે છે.

- contact@atharvaayu.com

# ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૯મા અધિવેશનની આડીતેડી વાતો

**મનના ઉમંગો**
રણછોડ પરમાર



**(મણકો-૧)**

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૯મું અધિવેશન તા-૨૩,૨૪ અને ૨૫મી ડિસેમ્બર-૨૦૧૭ ના રોજ સિકંદરાબાદ ખાતે મળી ગયું. તેમાં ગુજરાતભરના લગભગ ત્રણસોથી વધુ સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ હાજર રહ્યા હતા. કેટલીક પ્રવાસપ્રેમી પત્નિઓ પણ તેમના સાહિત્યપ્રેમી પતિદેવોની વાંસોવાસ આગગાડીમાં બેસીને સિકંદરાબાદ આવી ગઈ હતી. આંધ્ર અને તેલંગણામાં લગભગ ત્રણ લાખ ગુજરાતીઓ વસે છે. તેમાં ગુજરાતી સાહિત્યમાં રસ તો કેટલાને હોય? (આપણા ગાંધીનગર અને અમદાવાદમાં પણ કેટલાકને ગુજરાતી સાહિત્યમાં રસ હોય છે?) પણ ગુજરાતી સાહિત્યકારો જોવા મળશે એવી આશાએ ય બહુ ઓછા લોકો સભાસ્થળે આવ્યા હશે એવું મને તો લાગ્યું. પણ અહીંથી જનારાને તો ભારે મઝા પડી ગઈ. રોજ સવારે ગરમાગરમ ચા-નાસ્તો, બપોર સુધી મૂર્ધન્ય સાહિત્યકારોના અભ્યાસપૂર્ણ પ્રવચનો, બપોરનું સ્વાદિષ્ટ ભોજન, વળી પાછા વિધ્વતાભર્યા પ્રવચનો અને સાંજે પાછું સરસ ભોજન. ઉદરને અધિક રસ પ્રાપ્ત થતા હતા કે હદયને તેની સરખામણી કરી શકાય તેમ નથી.



અહીંથી અમે ત્રણ ભરતભાઈ કવિ, પ્રજ્ઞાબેન અને હું તારીખ એકવીસમીના રોજ વિમાન દ્વારા ગયા. મહેન્દ્રભાઈ રાઠોડ , મહેન્દ્રભાઈ ચૌહાણ, ભગવાનભાઈ ગોહિલ અને ભગવાનભાઈ ચૌહાણ તેમની અર્ધાંગનાઓ સાથે તે જ તારીખે ટ્રેનમાં આવ્યા હતા પણ બાવીસ તારીખે પહોંચ્યા. ચિ. રોહિણી આ ટીમ સાથે હતી. કનૈયાલાલ ભટટ અને ધ્વનિલ પારેખ અલગથી આવ્યા હતા.આમ કુલ્લે ચૌદ સદસ્યો આપણા નગરવાસીઓ હતા એ પાક્કુ.

આ અધિવેશનનો વિગતવાર અહેવાલ તો ઘણાયે લખશે. મારો ઈરાદો આવો કોઈ બીબાઢાળ અહેવાલ આપવાનો નથી. હું તો મને શું ગમ્યું અને શું ના ગમ્યું એટલી જ વાતો કરવા માંગું છું.સમગ્ર કાર્યક્રમમાંથી સૌથી વધારે તમને શું પસંદ પડ્યું એવું કોઈ પૂછે તો તો હું બેઝીઝક કહી શકું કે ભાઈ સારામાં સારી બેઠક તો કાંત અંગેની હતી અને એમાં પણ સતીષ વ્યાસનું વ્યક્તવ્ય સર્વશ્રેષ્ઠ હતું.

તારીખ ત્રેવીસમીની સવારે ઉદ્‌ઘાટન બેઠક હતી. તે હંમેશની જેમ જય જય ગરવી ગુજરાતના ગાનથી શરૂ થઈ. નિવૃત થતા અધ્યક્ષ ચન્દ્રકાંત ટોપીવાળાએ પરિષદનો કાર્યભાર નવા ચુંટાયેલા અધ્યક્ષ સિતાંષુ યશશ્ચન્દ્રને સોંપ્યો.અતિથિવિશેષ તરીકે આંધ્રના જાણીતા કવિ શિવા રેડ્ડી હતા ત્રણે વક્તાઓએ ખુબ જ સુદર પ્રવચનો કર્યા. ટોપીવાળા કાયમ સચોટ અને મુદ્દાસર બોલે છે. તેમનું લેક્ચર કદીયે લંબાતું નથી.સિતાંષુભાઈ પણ લખેલું વક્તવ્ય હોવા છતાં મોઢે અને ટૂકમાં બોલ્યા. શિવા રેડ્ડી અંગ્રેજીમાં બોલ્યા પણ ઘણી સમજ પડી. તેમનો અવાજ બેહદ સુંદર હતો. રઘુવીરભાઈ તો ઓલરાઉંડર છે તેમનું વક્તવ્ય શ્રોતાઓને પુલકિત કર્યા વગર રહેતું નથી. પ્રફુલભાઈએ સંસ્થાનો અહેવાલ એકદમ ટૂંકમાં દર્શાવી દીધો યજમાનો અને મહેમાનો બધાયે થોડુંઘણું જે બોલવું પડે તે તેઓ બોલ્યા. આ વખતે એક નવો ચીલો પડ્યો. કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા ઉદઘાટન બેઠકનીયે પહેલાં યોજાયેલી ખાસ બેઠકમાં આવ્યા અનેએમની બળકટ કાઠિયાવાડી ભષામાં સાંભળનારાને ન્યાલ કરી દીધા.એમણે કહેલી કેટલીક વાતો આપણે ખાસ યાદ રાખવા જેવી છે.

(૧) હું અહીં આયો છું ત્યારે આપણે બા સાથે ક્યાંક ગયા હોઈએ અને બાને લીધે આપણું જે પ્રકારે સ્વાગત સન્માન થાય તેવું થતાં જે આનંદ થાય તેવો મને આનંદ થાય છે.

(૨) આ સંસ્થાની સ્થાપના ૧૯૨૨માં થઈ અને પુસ્તકાલયની સથાપના ૧૯૩૪માં થઈ જે હજુ સુધી ચાલુ છે તેને હું મારા હદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

(૩) સાહિત્ય પાસે જવું એટલે અડસઠ તીરથ સાધુના ચરણે કર્યા એમ કહેવાય.

(૪) માતૃભાષા જાણ્યા વગર કોઈના વ્યક્તિત્વનો પૂરો વિકાસ ના થાય.

(૫) કોઈ માણસ વાંચે છે એ વાત હવે સમાચાર બની ગઈ છે.

(૬) ચલાલામાં આંબા થાય અને તેનાથી વીસ જ કિલોમીટર દૂર બગસરામાં આંબા ના થાય.

(૭) આજનો મુખ્ય પ્રશ્ન બાળકોને વાંચતા કરવાનો છે. તે માટે આપણે ગુજરાતીને પ્રેમ કરીએ અને તેનું સત્વ બાળકો સુધી પહોંચાડીએ.

(૮) ગુજરાતીમાં જે છે તે બીજી કોઈ ભાષામાં નથી. 'છાંટો એક જ છાશનો બગાડે દસ મણ દૂધ...' અને 'ખાડા કરે પણ સાંઢા ન કરે' આવું બીજી કઈ ભાષામાં છે ? આનું કંઈ અંગ્રેજી થાય ?

(૯) 'ધડ રે ધીંગાણે જેના માથા મસાણે એના પાળિયા થઈને પૂજાવું, ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું'' એવી વાત તો દુલા કાગ જેવો માણસ જ કહી શકે. ગુજરાતી જાણ્યા વગર કલાપી શું છે તે ખબર ના પડે. સત્યના પ્રયોગો તો ભાઈ ગુજરાતીમાં થાય. મેઘાણી શું છે ? કાગ શું છે/ ઈ જાણવા તો ગુજરાતી ભાષાને જાણવી પડે.

(૧૦) મહેમાનોને સાચવવા એની કવિતા પ્રભાશંકર પટણીએ લખી છે એવી વાત બીજી કઈ ભાષામાં છે. અત્યારે હેલ્લો હેલ્લો કરે છે એમાં આવો સાંભળીને ઉંબરાની અંદર જવાનો જે ભાવ પેદા થાય છે તેવ્વું બને છે?

વરસો પહેલા મુનશી અહીં આવ્યા હતા આજે એમનો આત્મા આજે પ્રસન્ન થશે.સરદાર અહીં આંધ્ર અને તેલગંણામાં ગુજરાત જેટલા જ લોક્પ્રિય છે આજે તેમના આત્મા ખુબ ખુશ થશે.

આમ તો ચોવીસમી તારીખની સવારની બીજા બેઠક સાહિત્ય સ્વરૂપ નાટકની હતી. અને ત્રીજી બેઠક બપોર પછીની ત્રીજી બેઠક શાર્ધ શતાબ્દીવંદનાઃ કાંતની બપોર પછી હતી. પણ ગમેતે કારણોસર તેમાં અદલાબદલી થઈ ગઈ. કાંત અંગેની બેઠક સવારમાં યોજાઈ.

**(ક્રમશઃ)**

# 'ઘસાવું' અને 'ઘડાવું' આ બંને વિશે સમજ પડી જાય એટલે જીવન ઉત્સવમય બની જાય

**લાગણીનો મેળો**
રસિક વાળંદ



શું નવો સંકલ્પ લઉં હું આવનારા વર્ષમાં ?
એટલે ચાહું - વીતે એ અન્યના ઉત્કર્ષમાં.

- હિમલ પંડ્યા

એકવીસમી સદીને અઢારમું બેઠું !

જ્ઞાન-વિજ્ઞાનને ગજબનું કાઢું કાઢ્યું છે. વિજ્ઞાન, મેડીસીન અને તકનીકી તરક્કીએ માનવ જાતને સઘળાં સુખો હાથવગાં કરી આપ્યાં છે. સાચે જ સુખસુવિધાઓનો સુવર્ણયુગ આવ્યો છે. રોબોટ માણસ બની કામ કરશે એ દિવસો બહુ દૂર નથી. આ પ્રગતિ... તરક્કી.... ઉચ્ચગતિ... વિકાસ... ઉન્નતિ... સકારાત્મકગતિ... કોને ન ગમે ? છતાં ઊંડે ઊંડે કશુંક પીડે છે... દોમદોગ સાહ્યબીમાં જીવતો માણસ સાવ 'જડસું' કેમ ?!

માણસની ભીંતરી સંવેદનાઓ ધીરે ધીરે ઠંડી પડતી જાય છે. ભરી ભીડમાં એકલતા અનુભવે છે. આપણે આપણી આસપાસનો સંપર્ક ગુમાવી દીધો છે. સૌ સ્વકેન્દ્રી, નર્યા, સ્વાર્થાંધ, પોતીકા, સુખ-દુઃખ સિવાય બહારની દુનિયા સાથે નાવા નિચોવાનો સંબંધ રહ્યો નથી. સળગતું-સળગતું સાવ નજીક આવી દઝાડે નહિ ત્યાં સુધી સાવનચિંત... બેપરવા... બીજા સાથેની 'નિસ્બત' ઓછી થતી જાય છે. બસ એક જ મંત્ર ગોખી બેઠો છે... 'મારે શું ?' અને 'મારું શું ?'... એકવસમી 'સદીનો ઓછાયો વધુ ને વધુ સારો Dark ઘેરો થતો જાય છે.'

સમય પરિવર્તનશીલ છે... ઈસવીસન હોય કે વિક્રમ સંવત...વર્ષ કે ઉંમરના આંકડા તો બદલાતા રહેવાના... પણ જીવતર બદલાય તો ખરું!!

અખબારો અને ટી.વી. એ વીતેલા વર્ષનાં લેખાંજોખાં કર્યા... સરવૈયું માંડ્યું... પરંતુ આપણે કયારેય પસાર કરેલા જીવતરનાં લેખાજોખાં કર્યા ખરાં ? સ્વયનું સરવૈયું કાઢ્યું ખરું ?!

નવું વર્ષ એટલે માત્ર નાચ-ગાન ને ખાનપાન... મોજમસ્તી ને ઉમળકો હોવો જ જોઈએ એની ના નહીં પરંતુ સાથે સાથ જીવતરની સભાનતાય હોવી ઘટે.

આ તો અખંડ કાલખંડના માણસે ટૂકડા કર્યા... ઘરેડબદ્ધ જીવ્યે જવાતી જિંદગીનો જરીક વિસામો છે. નૂતનવર્ષ તો કંઈક વિચારવા... બદલાવાની તક... થોભાવાની ક્ષણ... જાતનું સિંહાવલોકન કરવાની વધુ એક તક એટલે News Year.

પ્રભુ ઈસનો પયગામ... 'Love is God' પ્રેમ જ પરમાત્મા છે. સરળતા, સાદાઈ અને ઈશશ્રદ્ધાનો ત્રિવેદી સંગમ એટલે ઈસુખ્રિસ્ત... પ્રભુ ઈસુનો પ્રબોધ છે. 'પ્રેમ'. સઘળી ઉલઝનોની ગુરુચાવી છે પ્રેમ. વિશ્વશાંતિનું પ્રથમ પગલું એટલે....'તું તારા પાડોશીને પ્રેમ કર.' જરા જાતને પૂછીએ કે, 'માણસ તરીકેની આપણી ચાલ યોગ્ય છે કેમ ?!' પ્રતિપળ ચકાસતા રહીએ.. આપણી હાજરી થકી કોઈ 'ખીલે' કે 'કરમાય' છે તે જરા નીરખીએ. સ્વગત વિચારીએ... 'પ્રેમાળ થઈ પાંગર્યા ખરા ?!'

દોસ્તો, આ ક્ષણે 'અતિથિ' નામની પ્રેરક દષ્ટાંત કથા યાદ આવે છે.

'બારણું ખખડ્યું. સ્ત્રીએ દરવાજો ખોલ્યો તો શ્વેત દાઢીવાળા શ્વેતવસ્ત્રધારી ત્રણ પુરુષો ઊભા હતા. સ્ત્રીએ હાથ જોડી કહ્યું, 'હું આપને ઓળખથી નથી પરંતુ આપ અંદર આવો અને અમારી સાથે ભોજન કરો.' એક વૃદ્ધે કહ્યું, 'તારા પતિ ઘરમાં લાગતા નથી. સાંજે તેઓ આવે પછી અમે અંદર આવીશું.'... આમ વાર્તા આગળ વધે છે. સ્ત્રીએ સાંજે પતિને વાત કરી. પતિએ ત્રણેયને ઘરમાં આવવાનું આમંત્રણ મોકલ્યું. 'અમે ત્રણેય સાથે એક ઘરમાં ન રહી શકીએ.' - એક વૃદ્ધે કહ્યું, 'એવું કેમ? સ્ત્રીએ પૂછ્યું. વૃદ્ધે સમજાવવ્યું. આ મારી બાજુમાં ઊભા છે તેમનું નામ 'ધન' છે. તેમની બાજુમાં ઊભા છે તેમનું નામ 'સફળતા' છે અને હું 'પ્રેમ' છું.

જા, તારા પતિ સાથે ચર્ચા કરીને નક્કી કરી આવ કે અમારા ત્રણમાંથી કોણ તમારા ઘરમાં રહે, એવું તમે ઈચ્છો છો ?'

સ્ત્રીએ પતિને આ વાત કરી. પતિએ ઉત્સાહપૂર્વક કહ્યું, 'ઓહ, આમ વાત છે, તો આપણે 'ધન' ને જ અંદર બોલાવીએ.' પણ એના કરતાં 'સફળતા' ને જ પસંદ કરીએ તો ? પત્નીએ સહેજ અચકાતાં કહ્યું. ત્યા ખૂણામાં કામ કરતાં તેમની પુત્રવધૂએ વાત સાંભળી તે નજીક આવી અને નમ્રતાથી બોલી. 'મા... પિતાજી, તેના કરતાં આપણે 'પ્રેમ' ને આમંત્રણ આપીએ. આખરે તો પ્રેમજ આપણને સાચો સંતો, આપી શકે છે ! આપણું ઘર પ્રેમથી છલકાઈ જશે તો કેવું સરસ લાગશે.'

સ્ત્રી બહાર ગઈ અને બોલી, 'તમારામાંથી 'પ્રેમ' હોય તે અંદર આવે. 'પ્રેમ' ઊભો થયો અને દરવાજા તરફ ચાલ્યો એટલામાં તો અન્ય બે વૃદ્ધો 'ધન' અને 'સફળતા' પણ તેની પાછળ આવવા લાગ્યા.

મિત્રો, જયાં પ્રેમ છે ત્યાં સફળતા છે. સંપત્તિ છે.

જો 'ધન' આવે અને પ્રેમભાવના ન વિસરાય તો માનજો કે તમારી પર ઈશ્વર કૃપા ઊતરી છે.

જો 'સફળતા' મળે પણ ઘરમાં સ્નેહસરિતા અદશ્ય ન થાય તો માનજો કે તમારા પર ઈશ્વર કૃપા ઉતરી છે.

જો ઘરમાં હાંલ્લા કુસ્તી કરતાં હોય પણ કુટુંબના પ્રેમમાં ઓટ ન આવે તો માનજો કે ઈશ્વર તમારા પર નારાજ થયો નથી.

પ્રભુ ઈસુનો પ્રેમ સંદેશ હૈયે ધરીએ... નિરપેક્ષ-નિરાકાંક્ષ પ્રેમની પરિભાષા શીખીએ... ચોપાસ સ્નેહનાં સ્પંદનો જગવીએ!!

સ્પર્શમણિ
એક પથ્થર ઘસાય છે અને પગથિયું બને છે.
એક પથ્થર ઘડાય છે અને પરમેશ્વર બને છે.
'ઘસાવું' અને 'ઘડાવું' આ બંને વિશે સમજ પડી જાય.
એટલે
જીવન ઉત્સવમય બની જાય.

● ● ●

આપણે કંઈક બનવું હોય તો પહેલાં 'બીજા' ને બનાવવાનું બંધ કરવું પડે.

- rasikvaland1965@gmail.com